તા.૦૨/૦૮/૨૦૨૪

# ભાવનગર મહાનગરપાલિકા

## વ્યવસાયવેરા કરદાતાઓ જોગ

## પ્રેસનોટ

આથી ભાવનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વ્યવસાય કરતા તમામ વ્યવસાયકર્તાઓને જણાવવાનું કે,

- આપની પેઢી/સંસ્થા/ધંધો બંધ કર્યા અન્વયે/વેચાણ આપ્યેથી લેખિતમાં ટેક્ષ કલેક્શન વિભાગે જરૂરી આધારો અને વેરો ભર્યા સાથે અરજી કરવાની રહેશે. ત્યાર બાદ જ રજીસ્ટર થયેલ વ્યવસાયવેરા ખાતું રદ થશે.
- જે ખાતેદારોને વ્યવસાયવેરા ખાતું અપડેટ/KYC કરાવવાનું હોય તેમને નીચેના આધારપુરાવા સાથે વિભાગે રૂબરૂ ડોક્યુમેન્ટ આપી અપડેટ/KYC કરાવી લેવાનું રહેશે.

  (૧) પાનકાર્ડ (૨) બેંક પાસબુક/કેન્સલ ચેક (૩) મોબાઈલ નંબર (૪) મિલ્કતવેરા/ઘરવેરાની પહોંચ
- જે વ્યવસાયધારકોના સીનીયર સીટીઝન તરીકે ખાતાં રજીસ્ટર થયેલ છે તેમને નીચે મુજબ ડોક્યુમેન્ટ આપી રૂબરૂ હયાતીની ખરાઈ કરાવી લેવાની રહેશે.

  (૧) પાનકાર્ડ (૨) બેંક પાસબુક/કેન્સલ ચેક (૩) મોબાઈલ નંબર (૪) મિલ્કતવેરા/ઘરવેરાની પહોંચ (૫) આધારકાર્ડ
- જેમનો વ્યવસાયવેરાનું બીલ બાકી છે તેઓએ ચાલુ વર્ષનો વેરો તા.૩૦ સપ્ટેમ્બર-૨૦૨૪ સુધીમાં ભરપાઈ કરવાનો રેહશે. અન્યથા નિયમોનુસાર વાર્ષિક ૧૨ ટકા લેખે વ્યાજ વસુલવામાં આવશે. આગામી નાણાંકીય વર્ષના બાકી બીલ પર નિયમોનુસાર વ્યાજ વસુલવામાં આવશે.
- દર નાણાંકીય વર્ષમાં વ્યવસાયવેરાનું બીલ/ચલણ વ્યવસાયવેરા શાખામાંથી કઢાવી ભરપાઈ કરવાનું રેહશે.
- વ્યવસાયવેરો મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે તેમજ મહાનગરપાલિકાની વેબસાઈટ **bmcgujarat.com** પર ઓનલાઈન પણ ભરી શકાશે.

આમ તમામ વ્યવસાયધારકોને પોતાનો વ્યવસાયવેરો નિયમિત ભરવા અને દંડનિય વ્યાજથી બચવા ભાવનગર મહાનગરપાલિકા ટેક્સ કલેક્શન વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

Rathod

ટેક્ષ કલેક્શન સુપ્રિન્ટેન્ડન્ટ
ટેક્ષ કલેક્શન વિભાગ.

---

પ્રતિ
માન.તંત્રી મહોદયશ્રી,

---

---

સવિનય ઉપરોક્ત પ્રેસનોટ આપના બહોળી પ્રસિધ્ધિ ધરાવતા તમામ દૈનિક વર્તમાનપત્રમાં લોક હિતાર્થે વિનામૂલ્યે પ્રસિધ્ધ કરવા નમ્ર વિનંતી છે.

જન સંપર્ક અધિકારી
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર.